For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ચા ઘટતી ગઈ અને ભાવ વધતા ગયા

**ચા** જેવી વસ્તુના ભાવ પણ બેકાબૂ બની ગયા

સુરત : ખાંડના ભાવમાં થયેલા વધારાને કારણે ફરી એક વખત ચા ચર્ચામાં આવી ગઇ છે. ચાનો સ્ટોલ ચલાવતા રાજેશભાઈના જણાવ્યા અનુસાર પહેલા તેમના પિતા આ કામ કરતાં હતાં અને હવે તેમણે આ કામ સંભાળ્યું છે. જ્યારે કાચના ગ્લાસમાં ચા મળતી હતી ત્યારે તેઓ આ કામ કરતાં ન હતાં પરંતુ તે સમયે ચાનો ભાવ 5 રૂપિયા હતો અને કટિંગ ચાના 2.50 રૂપિયા હતા. ત્યાર બાદ પ્લાસ્ટિકના ગ્લાસ આવ્યા હતાં. તેમણે પ્લાસ્ટિકના ગ્લાસમાં ક્યારેય ચા નથી વેચી પરંતુ તે સમયે એક ચાનો ભાવ 10 રૂપિયા હતો. ત્યાર બાદ પ્લાસ્ટિકના આ ગ્લાસ પર પ્રતિબંધ આવી જતાં પેપર ગ્લાસ શરુ થયા ત્યારે ચાનો ભાવ 15 રૂપિયા હતો અને હાલમાં ચાનો ભાવ 30 રૂપિયા છે પરંતુ સૌથી નાના કપની ચાનો ભાવ 20 રૂપિયા છે.







## માંડવીના ગોદાવાડી ખાતે લૂંટ વીથ મર્ડર કેસમાં

# ઘરની ટાંકીમાંથી નિધિનો મોબાઈલ મળ્યો, હવે ભેદ ખૂલવાની સંભાવના



**સંજોગો** અને મોબાઈલ છુપાવવાની પદ્ધતિથી નિકટના વ્યક્તિની સંડોવણીની આશંકા

**પરિવારે** શરૂઆતમાં ઈન્કાર કર્યા બાદ સાંજે નિધિનાં અંતિમસંસ્કાર કર્યા

### નિધિના હત્યારા-લુંટારાને શોધવા સુરત જિલ્લા પોલીસની 8 ટીમ કામે લાગી

સુરત જિલ્લા પોલીસે જણાવ્યું હતું કે, એસપી રાજેશ ગઢિયાની આગેવાનીમાં લૂંટારા-હત્યારાઓને શોધી કાઢવા માટે DySP, 4 PI, 8 PSI થઈને કુલ 8 ટીમ કામે લાગી છે. દરેકને અલગ કામગીરી સોંપવામાં આવી છે. આ કેસની તપાસ માંડવી PI જે.એસ. વળવી કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ડોગ સ્ક્વોડ તેમજ FSLની મદદ લેવામાં આવી છે. ફિંગરપ્રિન્ટ અને સ્વજનોના નિવેદનો પણ લેવામાં આવ્યા છે. ઝડપથી ગુનેગારોને શોધી કાઢવામાં આવશે.

### નિષ્પક્ષ તપાસ અને ન્યાયની ઉગ્ર માંગ

નિધિના મોતના ૭૨ કલાક બાદ પણ હત્યા પાછળનું ચોક્કસ કારણ રહસ્યમય બન્યું છે. અંતિમસંસ્કારમાં સહકારી અને સામાજિક અગ્રણી દર્શનભાઈ નાયક સહિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પરિવાર અને સમાજના આગેવાનોએ પોલીસ તપાસ નિષ્પક્ષ, ઝડપી અને પારદર્શક રીતે કરવાની માંગણી કરી છે. કોઈપણ નિર્દોષ સામે ખોટી કાર્યવાહી ન થાય અને વાસ્તવિક દોષિતો સામે કોઈ પણ જાતના દબાણ વિના કડક કાયદેસર પગલાં ભરાય તેમજ પીડિત પરિવારને વહેલી તકે ન્યાય મળે તેવી ઉગ્ર લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

માંડવીઃ માંડવીના ગોદાવાડી ગામે ચકચાર મચાવનાર ૨૨ વર્ષીય યુવતી નિધિ પટેલની હત્યા અને લૂંટના બનાવમાં પોલીસને એક મહત્ત્વની કડી હાથ લાગી છે. ઘટનાના બે દિવસ બાદ ઘર પરિસરમાં આવેલી નાની પાણીની ટાંકીમાંથી મૃતક નિધિનો ગુમ થયેલો મોબાઈલ ફોન સ્વીચ-ઓફ હાલતમાં મળી આવ્યો છે. પોલીસે તાત્કાલિક આ મોબાઈલ જપ્ત કરી તેને ફોરેન્સિક અને સાયબર નિષ્ણાતોની મદદથી શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. આ મોબાઈલ ડેટા, સીડીઆર અને કોલ ડિટેઈલ્સ શરૂ થતાં જ સમગ્ર હત્યાકાંડ પરથી રહસ્યનો પડદો ઊંચકાશે તેવી પૂરી શક્યતા છે. લૂંટ તેમજ હત્યા કરનારાઓ જાણભેદુ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઘટનાની વિગત મુજબ, નિધિ પટેલના માતા-પિતા ધાર્મિક યાત્રાએ ગયા હતા, તે દરમિયાન મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘૂસી લૂંટ ચલાવી નિધિની કરપીણ હત્યા કરી નાંખી હતી તેમજ તેના મૃતદેહને સંતાડી દીધો હતો.

મૃતક નિધિના મોઢા પર ત્રણ કોથળી બાંધવામાં આવી હતી. ત્રણ દોરી પણ બાંધવામાં આવી હતી. જ્યારે ચોથી દોરીથી તેની હત્યા કરાઈ હતી. શરૂઆતમાં આક્રોશિત પિતા વાસુદેવભાઈ પટેલે આરોપીઓ ન પકડાય ત્યાં સુધી દીકરીનાં અંતિમસંસ્કાર કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જોકે, પોલીસની કડક કાર્યવાહીની ખાતરી અને પરિવારજનોની સમજાવટ બાદ આખરે આજે સાંજે ૪ વાગ્યે નિધિનાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યાં હતાં. આ સ્મશાનયાત્રામાં ધારાસભ્ય કુંવરજીભાઇ સહિત સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ભણવામાં હોંશિયાર નિધિનું સપનું વિદેશમાં ભણવાનું હતું, પણ...

કહે છે કે મૃતક નિધિ ભણવામાં હોંશિયાર હતી અને તેનું સપનું હતું કે તે વિદેશ જઈને ભણે. નિધિની એક બહેન કેનેડામાં છે. જ્યારે બીજી બહેન મહારાષ્ટ્રના પૂણે ખાતે છે. નિધિના અકાળે થયેલા મોતને પગલે તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. નિધિના મોતથી પરિવાર પડી ભાંગ્યો છે અને પરિવારની એક જ માંગ અને આશા છે કે પોલીસ ઝડપથી લૂંટારા-હત્યારાઓને શોધી કાઢે.

# સુરતથી કાનપુર જતી લકઝરી MPમાં સળગી, તમામનો બચાવ

**અચાનક** સળગેલી બસને કારણે મુસાફરો બારીઓના કાચ તોડી બહાર કૂદ્યા

**અનેકને** ઈજાઓ થઈ, તમામ મુસાફરોનો સામાન આગમાં બળીને ખાક્ થઈ ગયો

સુરતઃ સુરતથી ઉત્તર પ્રદેશના કાનપુર જઈ રહેલી લકઝરી પેસેન્જર બસમાં મંગળવારની મોડી રાત્રે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં અચાનક ભીષણ આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સરદારપુર નગરના ભોપાવર ચોકી નજીક રાત્રે આશરે 1.10 વાગ્યે બનેલી ઘટનામાં બસમાં સવાર મુસાફરોએ જીવ બચાવવા માટે બારીઓના કાચ તોડીને બહાર કૂદવું પડ્યું હતું. સદનસીબે તમામ મુસાફરોનો બચાવ થયો હતો, જોકે કેટલાકને સામાન્ય ઈજાઓ થઈ હતી અને મુસાફરોનો

...અનુસંધાન પાના 9 પર

### ‘પહેલા મારા આઠ વર્ષના પુત્રને બારીમાંથી બહાર ફેંક્યો’

કાનપુરની એક મહિલા મુસાફરે ઘટનાની ભયાનકતા વર્ણવતાં જણાવ્યું હતું કે બસમાં ધુમાડો એટલો ભરાઈ ગયો હતો કે શ્વાસ લેવાનું મુશ્કેલ બની ગયું હતું. આવી સ્થિતિમાં તેમણે પોતાના આઠ વર્ષના પુત્રને પહેલાં બારીમાંથી બહાર ફેંક્યો હતો અને ત્યારબાદ પોતે પણ બારીમાંથી કૂદીને જીવ બચાવ્યો હતો.આ ઘટનાએ બસમાં મુસાફરોની સુરક્ષા વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# ત્રણ-ત્રણ વર્ષથી નકલી માવામાંથી બનતી મીઠાઈઓ લોકો ખાતા હતા

**શ્રી** મહાકાલ કેટરર્સ & સ્વીટ પર દરોડામાં 723 કિલો નકલી અખાદ્ય માવો અને મીઠાઈ ઝડપાઈ

**લીલી** બરફી, પિંક બરફી અને મોટીચૂરના લાડુ બનાવી 300થી 400 રૂપિયે કિલો વેચતો હતો

સુરતઃ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં અને અખાદ્ય ખાદ્યસામગ્રીનું વેચાણ-ઉત્પાદન કરતાં શખ્સો સામે ઝોન-1 એલસીબી શાખાએ સપાટો બોલાવ્યો છે. સરથાણામાંથી નકલી અખાદ્ય માવો અને તૈયાર મીઠાઈઓનો 723 કિલોનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ઝોન-૧

...અનુસંધાન પાના 9 પર



### સુરત, બારડોલી અને વ્યારા તથા સુરતના શ્રમિક વિસ્તારોમાં મીઠાઈ વેચતો હતો

ભાવેશ માવામાંથી બનાવેલા લીલી બરફી, પિંક બરફી અને મોટીચૂરના લાડુ બનાવી 300થી 400 રૂપિયે કિલો વેચતો હતો. ભાવેશ મીઠાઈ માટે ભાગે સુરત શહેરના શ્રમિક વિસ્તારોમાં તથા બારડોલી, વ્યારા, સોનગઢ જેવા ગામોના અંતરાલ વિસ્તારમાં વેચાતો હતો. પોતે કેટરસનું કામ કરતો હોવાથી પ્રસંગોના આવેલા ઓર્ડરમાં પણ તે આ મીઠાઈ પીરસતો હોવાનું પણ બહાર આવ્યું છે.

# કોટસફિલના ‘નંદકિશોર માવાવાલા’, ‘જયમાં વૈષ્ણવી’ના માવાના નમૂના ફેઇલ

**‘નંદકિશોર** એસ. માવાવાલા’ના નમૂના સતત બીજા વરસે ફેઇલ ગયા છતાં દુકાન ધમધમે છે

**ફેઇલ** થયા તે નમૂનાઓમાં મિલ્ક ફેટનું પ્રમાણ 22 ટકા જેટલું જ હતું

### કઈ કઈ સંસ્થાઓમાંથી સેમ્પલ લેવામાં આવ્યા

- અંબિકા માવાવાલા, અલથાણ ટેનામેન્ટ, ભટાર
- રાજસ્થાન સ્વીટ એન્ડ ડેરી, શોપ નં. 1 થી 3, રામેશ્વરનગર, બમરોલી
- જમનાદાસ ઘારીવાલા, ચોટા બજાર
- રાજમિલન મિઠાઈવાલા, પટેલ સ્ટ્રીટ, ડિંડોલી
- શ્રી બાલાજી સ્વીટ એન્ડ બેકરી, રામીપાર્ક સર્કલ, ડિંડોલી
- માધવી ડેરી પ્રા.લિ., મુક્તાનંદ નગર, અડાજણ
- સૂર્યકિરણ સ્વીટ, બક્ષી ફળીયુ, કતારગામ
- મુદિતાની મીઠાઈઓ, નાનપુરા
- મા જસોલરાય મિઠાઈવાલા, સોમનાથ કો.ઓ.હા.સો., કાપડીયા હેલ્થ ક્લબની પાછળ, મજુરા
- ન્યુ રાજસ્થાની મિષ્ટાન ભંડાર એન્ડ ડેરી, હીરાનગર, પાંડેસરા
- અવધ ડેરી એન્ડ સ્વીટ, રોયલ પ્લાઝા, બાપાસીતારામ ચોક, સીમાડા
- શ્રી મહાકાલ કેટરર્સ એન્ડ ટ્રેડર્સ, સેલિબ્રેશન ફાર્મ, બીઆરટીએસ રોડ, પુણાગામ

સુરતઃ હાલ શ્રાવણ માસ અને રક્ષાબંધન પર્વને લઈને મીઠાઈઓનું પણ ધુમ વેચાણ થતું હોય, મનપાના ફુડ વિભાગ દ્વારા વિવિધ સંસ્થામાંથી મીઠાઈની બનાવટ માટે વપરાતા દૂધના માવાના સેમ્પલો પણ લેવામાં આવી રહ્યા છે. જેમાં તા. 24 ઓગસ્ટે લેવાયેલા સેમ્પલોમાંથી 2ના રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયા છે. જેમાં કોટ સફીલ રોડ પર આવેલા ‘નંદકિશોર એસ. માવાવાલા’ અને ખટોદરા સ્થિત ‘જય માં વૈષ્ણવી સ્વીટ’ના નમૂના ફેઈલ થયા છે.

આ બંને સંસ્થામાંથી લેવામાં આવેલા દુધના માવાના સેમ્પલોમાં મિલ્કફેટનું પ્રમાણ ઓછું જણાયું છે. દૂધના માવામાં મિલ્ક ફેટનું પ્રમાણ 30 ટકા હોવું જોઈએ પરંતુ આ સેમ્પલોમાં મિલ્ક ફેટ 6થી 8 ટકા ઓછુ આવ્યું છે. જેને લઈ મનપા દ્વારા આ વેપારીઓ વિરુદ્ધ એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ કાયદેસરની ફરીયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે નંદકિશોર એસ.માવાવાલાના સેમ્પલો સતત બીજા વરસે ફેઇલ ગયા છે છતાં દુકાન ધમધમે છે અને મનપાનું તંત્ર માત્ર તપાસમાં સમય પસાર કરે છે.

વધુમાં બુધવારે પણ શહેરની વધુ 12 સંસ્થાની સ્થળ તપાસ કરીને મીઠાઈ અને માવાના કુલ 23 નમૂના લેવામાં આવ્યાં છે. આ તમામ સેમ્પલોને ટેસ્ટિંગ

...અનુસંધાન પાના 9 પર

# રો-મટિરિયલના ભાવ વધતાં કાપડ મોંઘુ થશે

**રો**-મટિરિયલ્સના વધેલા ભાવોને કારણે દિવાળી પહેલાં જોબચાર્જ વધારવાની શક્યતા

**425** પ્રોસેસિંગ મિલોના સંચાલકો સાથે આજે ચર્ચા બાદ નિર્ણય લેવાશે

સુરત : એક તરફ તહેવારોની સિઝન ચાલી રહી છે અને બીજી તરફ સુરતના કાપડ ઉદ્યોગમાં કોલસા, કલર-કેમિકલ સહિત રો-મટિરિયલ્સના ભાવોમાં આવેલા ઉછાળાને કારણે પ્રોસેસર્સનો ખર્ચ વધી જતાં આગામી દિવસોમાં કાપડ મોંઘું થાય તેવી સંભાવના જણાવાઈ રહી છે. મિલોને આર્થિક નુકસાનીમાંથી બચાવવા માટે અને ઉત્પાદન ખર્ચને સરભર કરવા માટે જોબચાર્જમાં વધારો કરવા અંગે વિચારણા કરવા સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્ર વખારિયાના નેતૃત્વમાં આવતીકાલે ગુરુવારે મહત્વની બેઠક યોજાશે. બેઠકમાં ચર્ચા-વિચારણા કર્યા બાદ જોબચાર્જ વધારવા અંગે અંતિમ નિર્ણય લેવાશે.

### કોલસાના ભાવમાં 45થી 50 ટકાનો તીવ્ર ઉછાળો



એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્ર વખારિયાના જણાવ્યા મુજબ સામાન્ય રીતે ચોમાસા દરમિયાન કોલસાના ભાવમાં 10થી 15 ટકાનો વધારો થતો હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસાની શરૂઆતથી જ કોલસાના ભાવમાં 45થી 50 ટકા સુધીનો તીવ્ર ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્યુઅલના ભાવમાં વધારો થતાં ડાઈ-કેમિકલ સહિતના અન્ય રો-મટિરિયલના ભાવ પણ સતત વધી રહ્યા છે. છેલ્લા દોઢેક મહિનામાં કોલસાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. જે કોલસો અગાઉ આશરે રૂ. 6,000 પ્રતિ ટનમાં મળતો હતો, તેનો ભાવ હવે રૂ. 8,500થી રૂ. 10,000 સુધી પહોંચી ગયો છે, જ્યારે ઉચ્ચ ગુણવત્તાવાળા કોલસાના ભાવ રૂ. 12,000થી રૂ. 13,000 પ્રતિ ટન સુધી પહોંચ્યા છે. આ વધારાની સીધી અસર પ્રોસેસિંગ મિલોના ઉત્પાદન ખર્ચ પર પડી રહી છે.

### 400 પ્રોસેસિંગ મિલોનું ઉત્પાદન બજેટ ખોરવાયું છે

સુરતમાં અંદાજે 400 જેટલી ટેક્સટાઈલ પ્રોસેસિંગ મિલો કાર્યરત છે. એક મિલમાં દરરોજ સરેરાશ 30થી 50 ટન જેટલો કોલસો વપરાય છે. કોલસાના ભાવમાં થયેલા વધારાને કારણે દૈનિક ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. ચોમાસામાં કોલસામાં ભેજનું પ્રમાણ વધતાં

...અનુસંધાન પાના 9 પર

**પ્રતિ મીટર રૂ. 2થી 3 જોબચાર્જ વધારવાની શક્યતા**

હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રોસેસિંગ મિલો પ્રતિ મીટર કાપડ દીઠ 2થી 3 રૂપિયા જેટલો જોબચાર્જ વધારો કરવાની ગણતરી કરી રહી હોવાનું જાણવા મળે છે. જો નિર્ણય લેવાશે તો

...અનુસંધાન પાના 9 પર








અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| ૧૦×૨ | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


બીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. રમણભાઈ મગનભાઈ પટેલ
જન્મ તા. ૦૮/૦૧/૧૯૪૫
સ્વ. તા. ૨૭/૦૮/૨૦૨૪

એક મજબુત નીવ, નિર્મળ લાગણીની...
એક વચન, અનંત સાથનો...
એક અદમ્ય ભરોસો, અતૂટ વિશ્વાસનો...
એક સાક્ષાત દ્રષ્ટાંત, પરિવારના મોભીની પ્રતિતીનું...
એક આધારરૂપ અહેસાસ, 'તમે છો ને' એનો સદા !
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. કિશોરભાઈ રમણભાઈ પટેલ
ધર્મેશભાઈ રમણભાઈ પટેલ

નિવાસ સ્થાનઃ- (ડભોલી) B-૧૭-૧૮, પટેલ નગર સોસાયટી, સરોલી બ્રિજ પાસે, જહાંગીરપુરા.

છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ડો. ખુશરો સોરાબજી લશ્કરી
સ્વ.તા. ૨૭-૦૮-૨૦૨૦

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ માર્ગદર્શક હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકાર
અમો આજીવન ભૂલીશું નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

MAKE N SEE & JYOTI CREATION
DUTT & PATEL FAMILY

૧૫મી પુણ્યતિથિએ હૃદયાંજલિ



સ્વ.ચંદ્રકાન્તભાઈ પેણુભાઈ મહાત્મા
જન્મ તા.૨૫-૦૫-૧૯૩૮ સ્વ. તા.૨૭-૦૮-૨૦૧૧

અંજલિ આપતા શબ્દો ખૂટે છે, પુષ્પાંજલિ આપતા પુષ્પો ખૂટે છે, કુદરતના ખજાનામાં ખોટ પડે ત્યારે, માયાળુ માનવીનો ખજાનો ખૂટે છે. સત્કાર્યો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી, પરોપકાર તમારુ રટણ હતું.

લિ. સ્વ.તરૂલતાબેન ચંદ્રકાન્ત મહાત્મા
ગૌરાંગ ચંદ્રકાન્ત મહાત્મા
ચૈતાલી ગૌરાંગ મહાત્મા
ચૈતન્ય ગૌરાંગ મહાત્મા
આર્શીયા ચૈતન્ય મહાત્મા
મીનળ ભુપેન્દ્ર માચવાલા
વર્ષા હિતેન્દ્ર જરીવાલા
સ્વ.અસ્મિતા રજનીકાન્ત જડીયા
જસ્મા મયુર કાપડીયા
જૈમિની કેતન ડાકોરિયા
દિપ્તી કમલેશ ચોકસી

PRAYER MEET



With heartfelt grief, we mourn the passing of
**Dr. Badana Chandrasekhara Naidu**
Who passed away on Monday, 24/08/2026
The Prayer Meet will be held on Thursday, **27/08/2026**
from **5pm to 6.30pm**
at 103, Adarsh Society, Athwalines, Surat. Mob:9824133238

Badana Ravi (Son) - Manjusha Naidu
Badana Anand (Son) - Padmasri Naidu
B.Yamini (Daughter) - Late Dr.B.S.R Swamy
Badana Aryan (Grandson) - Mansi Naidu
Badana Shaurya Naidu (Grandson)